# ભત્રીજીએ સગા કાકાની કાર પચાવી પાડી

**વલસાડના** પારડી સાંઢપોરમાં દાદાની કાર તેમના મૃત્યુ બાદ ખોટી સહી કરી પોતાના નામે કરાવી દીધી

**કાકાએ** કારનો હક લેવા તપાસ કરી અને ભોપાળું બહાર આવતા ભત્રીજી સામે પોલીસ ફરિયાદ કરી

વલસાડ : વલસાડના પારડી સાંઢપોરમાં રહેતી ભત્રીજીએ પોતાના દાદાની ઇકો કાર તેમના મૃત્યુ બાદ ખોટી સહી કરી પોતાના નામે કરાવી દીધી હતી. જેના પગલે તેના કાકાએ આ કારનો હક લેવા તપાસ કરી અને ભોપાળું બહાર આવતા તેણે પોતાની ભત્રીજી સામે પોલીસ ફરિયાદ કરી છે. જેની વ્યાપક ચર્ચા ચાલી રહી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, વલસાડમાં રહેતા અને છૂટક ડ્રાઇવિંગ કરતા રમણલાલ પટેલે વર્ષ 2022માં એક ઇકો કાર ખરીદી હતી. ત્યારબાદ તેમનું મૃત્યુ થતાં આ કાર તેમણે તેમના પુત્ર સંજયભાઇને ઉપયોગ માટે આપી હતી. જોકે, ત્યારબાદ સંજયભાઇનું પણ 18 જૂન 2025ના રોજ મોત થતાં આ કાર તેમની પુત્રી જીયા પટેલે (ઉં.19) રાખી હતી.

આ કાર જીયાના કાકા ભાવેશકુમાર પટેલે તેની પાસે માંગતા તેમણે જણાવ્યું કે, આ કાર તેમના નામે થઇ ગઇ છે. ત્યારે રમણલાલના પુત્ર ભાવેશે આરટીઓમાં તપાસ કરી તો જાણવા મળ્યું કે, તેમના પિતાના મૃત્યુ બાદ તેની ભત્રીજીએ ખોટી સહી કરી આ કાર પોતાના નામે કરાવી દીધી હતી. જેના પગલે તેમણે આ સંદર્ભે ભત્રીજી જીયા વિરૂદ્ધ વલસાડ સિટી પોલીસ મથકે ફરિયાદ કરતા પોલીસે બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**પાલિકાએ સફાઇ ટેક્સની પણ ૯૦ ટકા વસૂલાત કરતા સરકાર વધારાની ગ્રાન્ટ આપશે**

# ટેક્સ વસૂલાતમાં વલસાડ પાલિકા દ.ગુ.માં પ્રથમ

**વલસાડ** પાલિકા 90.82 ટકા ટેક્સ વસૂલ્યો

**વર્ષ** 25-26 માં પાલિકાએ રૂપિયા 19.64 કરોડના માંગણાં સામે રૂપિયા 17.84 કરોડના વેરાની વસૂલાત કરી રેકોર્ડ બનાવ્યો

વલસાડ : વલસાડ નગરપાલિકાના વેરા વસૂલાત વિભાગે ગત વર્ષ 2025-26 દરમિયાન 90.82 ટકા વેરાની વસૂલાત કરી છે. વેરાની રેકોર્ડ બ્રેક વસૂલાત સાથે વલસાડ નગરપાલિકાએ સમગ્ર દક્ષિણ ગુજરાતની પાલિકામાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. પાલિકાએ 19.94 કરોડના માંગણાં સામે રૂપિયા 17.84 કરોડના વેરાની વસૂલાત કરી રેકોર્ડ બનાવ્યો છે.

વલસાડ નગરપાલિકાના ટેક્સ સુપ્રિટેન્ડન્ટ રમણભાઇ રાઠોડે જણાવ્યું કે, વર્ષ 2025-26 દરમિયાન તેમણે વેરાની જંગી વસૂલાત કરી છે. તેમના દ્વારા ચાલુ વર્ષના રૂપિયા 15.76 કરોડના માંગણા સામે રૂપિયા 14.10 કરોડની વસૂલાત થઇ છે. જ્યારે પાછલા વર્ષના રૂપિયા 3.88 કરોડના માંગણા સામે રૂપિયા 3.74 કરોડની વસૂલાત થઇ છે. જેના કારણે કુલ વસૂલાત 17.84 કરોડની કરવામાં આવી છે.

પાલિકા દ્વારા આ વર્ષે સફાઇ ટેક્સની પણ 90 ટકા વસૂલાત કરવામાં આવી હોય તેમના સરકાર દ્વારા તેમને વધારાની ગ્રાન્ટ પણ આપવામાં આવશે.

### ટેક્સ વસૂલાત માટે માર્ચ માસમાં અનેક નોટિસો કાઢી હતી

વલસાડ નગરપાલિકાના વેરા વિભાગે વેરાની વસૂલાત માટે ઓફિસમાંથી અનેક જૂના બાકીદારો સામે નોટિસો કાઢી હતી. જેના કારણે પાછલા માંગણાની મોટી વસૂલાત થઇ છે. તેમજ તેમના દ્વારા વેરો નહી ભરતા અનેક મિલકતધારકોના નળ કનેક્શન અને મિલકતો સિલ કરવાની કામગીરી કરવામાં આવી હતી. જેના કારણે અન્ય લોકોમાં જાગૃતિ આવી અને તેમના દ્વારા ચાલુ વર્ષના વેરાની પણ મોટા પ્રમાણમાં ચૂકવણી થઇ હતી. જેના કારણે તેઓ આ લક્ષ્યાંક સિધ્ધ કરી શક્યા હતા.

### પ્રોફેશનલ ટેક્સની પણ 91.11 ટકા વસૂલાત

પાલિકાના વેરા વિભાગે વેરા વસૂલાતની હાથ ધરેલી કડક વસૂલાતના પગલે આ વર્ષે પ્રોફેશનલ ટેક્સમાં પણ રૂપિયા 2.88 કરોડના કુલ માંગણા સામે કુલ રૂપિયા 2.82 કરોડની વસૂલાત થઇ છે. જેમાં રૂપિયા 2.43 કરોડના ચાલુ વર્ષના માંગણા સામે રૂપિયા 2.41 કરોડ અને રૂપિયા 45 લાખના પાછલા માંગણા સામે રૂપિયા 41 લાખની વસૂલાત થઇ છે. પ્રોફેશનલ ટેક્સની પણ જંગી વસૂલાત થતાં સરકાર તરફથી તેમને 50 ટકા વધારાની એટલે કે રૂપિયા 1.41 કરોડની ગ્રાન્ટ આપવામાં આવશે. જેનો શહેરના વિકાસના કાર્યમાં ઉપયોગ થઇ શકશે.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડમાં મુખ્યમંત્રી જ્ઞાન સાધના પરીક્ષામાં 2445 વિદ્યાર્થીઓ ગેરહાજર

વલસાડ : ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શનિવારે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષા વલસાડ જિલ્લાના 56 કેન્દ્રો ઉપર 577 બ્લોકમાં 577 સીસીટીવી નજર હેઠળ શાંતિપૂર્ણ રીતે યોજાઈ હતી. જિલ્લામાં નોંધાયેલા 16513 વિદ્યાર્થીઓ પૈકી 14068 હાજર અને 2445 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતાં. વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી ડો. રાજશ્રી ટંડેલના માર્ગદર્શન હેઠળ કુલ 360 અધિકારીઓ, કર્મચારીઓએ ખડેપગે ફરજ બજાવી હતી. પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી. નોંધનીય છે કે આ યોજના અંતર્ગત સરકારી કે અનુદાનિત શાળાઓમાં ધોરણ 1 થી 8 નો અભ્યાસ પૂર્ણ કરનાર અથવા આરટીઇ હેઠળ ખાનગી શાળામાં અભ્યાસ કરેલા તેજસ્વી વિદ્યાર્થીઓને ધો.9 થી 12ના અભ્યાસ માટે આર્થિક સહાય આપવામાં આવે છે. આ માટે રાજ્યભરમાંથી કુલ 25 હજાર વિદ્યાર્થીઓની મેરીટના આધારે પસંદગી કરવામાં આવશે.

### ગણદેવી પીપલ્સ બેંકનો ૫૧૯.૨૨ કરોડથી વધુનો બિઝનેસ



કેરસી બારીયા

બીલીમોરા : અમૃત મહોત્સવ વર્ષ ઉજવી રહેલી ધી ગણદેવી પીપલ્સ કો-ઓપરેટિવ બેંકે વર્ષ ૨૦૨૫-૨૬માં ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી છે. બેંકે કુલ બિઝનેસ રૂપિયા ૫૧૯.૨૨ કરોડને પાર કરીને નોંધપાત્ર વિકાસ નોંધાવ્યો છે. બેંકે શ્રેષ્ઠ પ્રદર્શન કરતાં ગ્રોસ NPA માત્ર ૦.૧૭% સુધી ઘટાડવામાં સફળતા મેળવી છે, જે અત્યાર સુધીનું સૌથી નીચું સ્તર છે. સાથે જ Net NPA સતત ૦.૦૦% જાળવી રાખી મજબૂત નાણાકીય સ્થિરતા દર્શાવી છે. આ વર્ષે બેંકની ડિપોઝિટ રૂપિયા ૩૧૫.૬૭ કરોડ અને ધિરાણ રૂપિયા ૨૦૩.૫૫ કરોડ સુધી પહોંચ્યા છે. કાચો નફો રૂપિયા ૬.૮૨ કરોડ અને ચોખ્ખો નફો રૂપિયા ૪.૧૨ કરોડ નોંધાયો છે. સાથે બેંકે સેવાકીય કાર્યક્રમોનું આયોજન કર્યુ છે. તા.૦૫ એપ્રિલે અમૃતમ હોસ્પિટલ અને રોટરી ક્લબના સંયુક્ત ઉપક્રમે જનરલ મેડિકલ કેમ્પ તેમજ આંખની તપાસ કેમ્પ યોજાશે. તા.૧૯ એપ્રિલે અક્ષત ચેરીટેબલ ટ્રસ્ટ અમલસાડ, રોટરી ક્લબ ગણદેવી અને પાર્થમય સેવાકીય સંસ્થાના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ભાગ લેનાર દરેક દાતાને સ્મૃતિભેટ રૂપે વોલ ક્લોક આપવામાં આવશે. બેંકના પ્રમુખ જશ્મિનભાઈ દેસાઈ, ઉપપ્રમુખ શૈલેષભાઈ શાહ, સેક્રેટરી ગોપાલભાઈ ગોહિલ, બોર્ડ ઓફ મેનેજમેન્ટ ચેરમેન તુષારભાઈ વશી, ઉપપ્રમુખ મિતેશભાઈ જોશી તેમજ જનરલ મેનેજર હેમાંશુભાઈ વૈદ્ય સહિત બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આ સફળતામાં સહભાગી બનવા બદલ સ્ટાફ, સભાસદો અને ગ્રાહકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

### પારડીના ચીવલ-અરનાલામાં ખેતરમાં આગ ફાટી નીકળી


અમૃત પટેલ

પારડી : પારડી તાલુકાના ચીવલ અને અરનાલા ગામે ખેતરમાં અચાનક આગ ફાટી નીકળતાં ગામમાં હડકંપ મચી ગયો હતો. ચીવલ ગામે ખેડૂત કેરસી બાવાજીના ખેતરમાં આગ લાગતા ખેતીના પાક અને ખાસ કરીને કલમોને ભારે નુકસાન પહોંચ્યું હતું. બીજી તરફ અરનાલા ગામે સરકારી જમીનમાં આવેલી વનીકરણની જગ્યાએ પણ આગ ભભૂકી ઉઠી હતી. આગ ઝડપથી પ્રસરી જતા સ્થાનિક લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા અને આગ કાબુમાં લેવા પ્રયત્નો હાથ ધર્યા હતાં. આ ઘટનાની જાણ થતા વાપીથી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક પહોંચી આવી હતી. જો કે ટીમ પહોંચે તે પહેલા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ફાયર બ્રિગેડ અને ગામલોકોના સંયુક્ત પ્રયાસોથી અંતે આગ પર કાબુ મેળવી લેવાયો હતો. ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ ખેતીને નોંધપાત્ર નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હમણાં સુધી જાણવા મળ્યું નથી.

### ઉમરગામ હાઇસ્કુલમાં મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા યોજાઇ


ઉમેશ સોલંકી

ઉમરગામ : એમ.એમ. હાઈસ્કૂલ ઉમરગામમાં શનિવારના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા આયોજિત મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (CGMS) 2026નું આયોજન અત્યંત સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. આ પરીક્ષા માટે બે યુનિટ મળી ધોરણ-8 ના કુલ 491 વિદ્યાર્થીઓનું નોંધણીકરણ થયું હતું. જેમાંથી ઉમરગામ તાલુકાની વિવિધ શાળાઓમાંથી એમ એમ હાઇસ્કુલ ખાતે 433 વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓની સુવિધા અને માનવીય અભિગમને ધ્યાનમાં રાખીને પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમરગામ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ ઇશ્વરભાઈ બારી, મંત્રી ઉલ્હાસભાઈ ટંડેલ તથા ખજાનચી બંકિમભાઈ શાહ દ્વારા પરીક્ષા આપનાર તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને છાસ તથા બિસ્કિટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અવસરે શાળાના આચાર્ય અલ્પેશકુમાર પટેલ તથા સહ આચાર્ય જેસલબેને સફળ આયોજન બદલ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર, શાળાના ટ્રસ્ટી મંડળ તેમજ પરીક્ષા કાર્યમાં જોડાયેલા તમામ શિક્ષકમિત્રો અને કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# વાપીમાં પાણી પુરવઠા વ્યવસ્થા માટે વિકાસ કાર્યો હાથ ધરાયા

**વાપીમાં** જૂની A.C. પ્રેશર, P.V.C. અને H.D.P.E. પાઈપલાઈનની જગ્યાએ લોખંડ તથા D.I. પાઈપલાઈન નાખવાની કામગીરી



વાપી : વાપી મહાનગર પાલિકા દ્વારા પીવાનું પાણી પૂરૂં પાડવાના હેતુસર ચણોદ, કરવડ, છીરી-છરવાડા, નામધા, ચંડોર, કુંતા, વટાર અને મોરાઈમાં વોટર સપ્લાય સ્કીમ મારફતે સમગ્ર શહેરમાં અસરકારક પાણી પુરવઠા વ્યવસ્થા સંચાલિત કરવા વિકાસ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે.

જેમાં ચણોદ વિસ્તારમાં ચણોદ ગેટ પાસે 30 લાખ લિટરની ઊંચી ટાંકી તથા ચમોલાઈ વિસ્તારમાં 25 લાખ લિટરની ઊંચી ટાંકી અને 55 લાખ લિટરની ભૂગર્ભ ટાંકીનું કામ પ્રગતિમાં છે. આશરે 17 કિમી લાંબી પીવાના પાણીની D.I. પાઈપલાઈન માટે વર્ક ઓર્ડર આપી કામ શરૂ કરવામાં આવ્યું છે. કરવડ વિસ્તારમાં 10 લાખ લિટરની 2 ઊંચી ટાંકી અને 50 લાખ લિટરની ભૂગર્ભ ટાંકીનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે. છીરી-છરવાડા અને સલવાવ ગામ વિસ્તારમાં 20 લાખ લિટરની 2 ઊંચી ટાંકી તથા આશરે 52 કિમી લાંબી પીવાના પાણીની D.I. પાઈપલાઈન નાંખવાનું કામ પ્રગતિ હેઠળ છે. નામધા-ચંડોર વિસ્તારમાં 10 લાખ લિટરની ઊંચી ટાંકી તથા આશરે 3.5 કિમી લાંબી D.I. પાઈપલાઈન નાંખવાનું કામ ફેઝ-1 હેઠળ ચાલી રહેલી છે. કુંતા-વટાર-મોરાઈ વિસ્તારમાં 10 લાખ લિટરની 1 અને 5 લાખ લિટરની 2 ઊંચી ટાંકી બનાવવાનું કામ હાલ ફેઝ-1 હેઠળ ચાલી રહ્યું છે. ડુંગરા વિસ્તાર (સિલવાસા રોડને લાગુ)માં આશરે 3.8 કિમી લાંબી પીવાના પાણીની D.I. પાઈપલાઈન નાંખવાનું કામ પ્રગતિમાં છે. જેના કારણે ભવિષ્યમાં સિલવાસા મેઈન રોડ પર વારંવાર થતા પાઈપલાઈનના ભંગાણથી રાહત મળશે અને નાગરિકોને યોગ્ય દબાણ સાથે પાણી પુરવઠો મળી શકશે.

આ તમામ વિસ્તારમાં વાપી મહાનગરપાલિકા દ્વારા દરેક જગ્યા ઉપર જૂની A.C. પ્રેશર, P.V.C. અને H.D.P.E. પાઈપલાઈનના જગ્યાએ લોખંડ તથા D.I. પાઈપલાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. જેના પરિણામે વારંવાર થતી લીકેજ તેમજ ઓછા દબાણની સમસ્યાઓનો સ્થાયી ઉકેલ લાવી શકાશે અને નાગરિકોને વધુ સારો અને સતત પાણી પુરવઠો પ્રાપ્ત થશે.

# 103 વર્ષના દાદાની વાજતે ગાજતે નીકળી અંતિમયાત્રા

**નવસારી** જિલ્લા ભાજપ આદિવાસી મોરચાના પૂર્વ પ્રમુખના પિતા સ્વ. નારણભાઈની અનોખી અંતિમયાત્રા



ખેરગામ: ખેરગામના જામનપાડાના તળાવપાડા ફળિયામાં રહેતા અને નવસારી જિલ્લા ભાજપ આદિવાસી મોરચાના પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ ગરાસીયાના પિતા સ્વ. નારણભાઈ જેસલાભાઈ ગરાસીયાનું 103 વર્ષની જૈફ વયે નિધન થતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. જો કે, એક શતાબ્દીથી વધુનું આયુષ્ય ભોગવીને વિદાય લેનાર વડીલની અંતિમયાત્રાને શોકને બદલે તેમના લાંબા અને સમૃદ્ધ જીવનના ઉત્સવ તરીકે મનાવવામાં આવી હતી.

નારણભાઈની પરંપરાગત આદિવાસી વાજિંત્ર 'તૂર' ના તાલે અને વાજતે-ગાજતે નીકળેલી અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં. 103 વર્ષનું ભરપૂર આયુષ્ય જીવ્યા હોવાથી, પરિવારજનો અને સ્નેહીજનોએ તેમની વિદાયને 'વરઘોડા' સમાન ગણી ફટાકડા ફોડીને તેમને આખરી સલામી આપી હતી. તૂરના નાદ અને આદિવાસી સંસ્કૃતિના ગૌરવ સાથે નીકળેલી આ અંતિમયાત્રા આસપાસના ગ્રામજનો માટે આદરનું કેન્દ્ર બની હતી.

સ્વ.નારણભાઈ ગરાસીયા એક મજબૂત અને પરોપકારી વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમના પુત્ર અરવિંદભાઈ ગરાસીયા નવસારી જિલ્લા ભાજપ આદિવાસી મોરચામાં પૂર્વ પ્રમુખ તરીકે સક્રિય ભૂમિકા ભજવી ચૂક્યા છે, ત્યારે પિતાના નિધનના સમાચાર મળતા જ અનેક રાજકીય અને સામાજિક આગેવાનો તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતાં. અંતિમસંસ્કાર સમયે સૌએ પુષ્પાંજલિ અર્પી પિતાતુલ્ય વડીલના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

103 વર્ષની ઉંમરે પણ કાર્યરત રહેલા નારણભાઈએ જીવનના અનેક ઉતાર-ચઢાવ જોયા હતાં. તેમની આ અનોખી અંતિમયાત્રાએ સમાજમાં એ સંદેશ આપ્યો કે મૃત્યુ એ માત્ર અંત નથી, પણ જો જીવન સાર્થક રીતે જીવવામાં આવે, તો તેની વિદાય પણ ગૌરવશાળી બની રહે છે. ગરાસીયા પરિવાર પર આવી પડેલા આ દુ:ખમાં સમગ્ર વિસ્તારના લોકો સહભાગી થયા છે.



# વલસાડની લો કોલેજમાં એબીવીપીનો વિરોધ

**જ્યાં** સુધી તપાસ પૂર્ણ નહીં થાય ત્યાં સુધી તપાસ હેઠળના તમામને હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે : એબીવીપી

વલસાડ : વલસાડની લો કોલેજમાં ચાલી રહેલો વિવાદ વધુ ઉગ્ર બની રહ્યો છે. શનિવારે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વલસાડ એકમ દ્વારા કોલેજના વડા અને પ્રોફેસરો સામે કેટલાક આક્ષેપો સાથે આંદોલન શરૂ કર્યું છે. જેમાં તપાસ હેઠળના તમામને પદ ઉપરથી હટાવવાની માંગ સાથે એબીવીપી દ્વારા શનિવારે ભારે હોબાળો મચાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ, વિદ્યાર્થીઓએ એબીવીપીના હોદ્દેદારો સમક્ષ સંસ્થાના વડા અને કેટલાક પ્રોફેસરો દ્વારા માનસિક દબાણ લાવી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. એબીવીપીના હોદ્દેદારોએ મીડિયાને જણાવ્યું કે, આ મુદ્દે એબીવીપી દ્વારા આવેદનપત્ર પણ આપવ્યું હતું. જેમાં જેમની સામે તપાસ કરવામાં આવી રહી છે, એ તમામને તપાસ પૂર્ણ નહીં થાય ત્યાં સુધી હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે. જોકે તેમ નહીં થતા આજે ફરી વિરોધ કરાયો છે. જો અમારી માંગ મુદ્દે કોઈ કાર્યવાહી નહીં કરાશે તો આવનારા દિવસોમાં આ મુદ્દે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

# શ્રમિકોનું વેતન સમયસર ચૂકવવું જોઈએ: ધારાસભ્ય અનંત પટેલ

**વાંસદામાં** મનરેગાના શ્રમિકોના હક માટે 'ન્યાય સભા'નું આયોજન


નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં મનરેગા યોજના હેઠળ કામ કરતા શ્રમિકોને ન્યાય અપાવવા માટે વાંસદા ખાતે એક 'ન્યાય સભા' યોજવામાં આવી હતી. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના માહોલ વચ્ચે શ્રમિકો અને કર્મચારીઓના બાકી વેતનનો મુદ્દો ગરમાયો છે.

ધારાસભ્ય અનંત પટેલે સભામાં જણાવ્યું હતું કે, વાંસદા તાલુકાના મનરેગા શ્રમિકો તેમજ રોજગાર સેવકો અને ટેકનિકલ સ્ટાફને છેલ્લા ત્રણ મહિનાથી પગાર મળ્યો નથી. મનરેગા કાયદા મુજબ શ્રમિકોને ૧૫ દિવસમાં વેતન ચૂકવવું ફરજિયાત છે, છતાં તંત્ર દ્વારા આ નિયમનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. આર્થિક રીતે નબળા પરિવારો માટે આ વેતન જ ગુજરાનનું એકમાત્ર સાધન હોવાથી તેઓ કપરી પરિસ્થિતિમાં મુકાયા છે.

છેલ્લા ત્રણ મહિનાથી શ્રમિકોનું કુલ રૂપિયા ૧,૬૩,૯૯,૭૯૭ જેટલું વેતન હજી બાકી છે. જ્યારે માલ સામાનના રૂપિયા ૨,૮૪,૮૮૮ અને કર્મચારીઓના પગારના રૂપિયા ૨૫,૪૪,૫૦૬ જેટલા બાકી છે. આમ આ ભાજપ સરકાર શ્રમિકો અને ગરીબોની નથી.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલે ભાજપ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, સરકારને યોજનાઓના નામ બદલવામાં રસ છે પરંતુ ગરીબોની વેદના સાંભળવામાં કોઈ રસ નથી.

આ ન્યાય સભામાં બારુકભાઈ, નિકુંજભાઈ, મનીષ પટેલ, ગૌરાંગ, ઈલિયાસભાઈ, રાજીત પાનવાલા, ચંપાબેન, સરપંચો તેમજ વિરોધ પક્ષના નેતા હસમુખભાઈ, ધનજીભાઈ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### નડોદ ગામમાં 40 વર્ષીય યુવાનનું અવસાન

નવસારી : જલાલપોર તાલુકાના નડોદ ગામે 40 વર્ષીય યુવાનના અવસાનથી પરિવાર તેમજ સમગ્ર ગામમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. નડોદ ગામના તલાવડી વિસ્તારના રમેશભાઈ રાઠોડનું 3 એપ્રિલના રોજ બપોરે અવસાન થયું હતું. તેઓ રોજિંદી મહેનત કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા અને શાંત સ્વભાવ માટે ઓળખાતા હતા. ઘટનાની જાણ થતા પરિવારજનોમાં દુ:ખનો માહોલ છવાઈ ગયો હતો. સ્વજનો અને ગામલોકોએ પણ આ ઘટનાને લઈ ગાઢ શોક વ્યક્ત કર્યો હતો. મરોલી પોલીસને જાણ થતાં તેઓ સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

# સાપુતારા ઘાટમાં પિકઅપ પલટી ગઇ

સાપુતારા : ડાંગ જિલ્લાના સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં માલેગામ નજીક શેરડીનો જથ્થો ભરેલી પિકઅપ ગાડી પલ્ટી મારી જતા ગંભીર અકસ્માત સર્જાયો. મહારાષ્ટ્રનાં વણીથી શેરડીનો જથ્થો ભરી શામગહાન તરફ જઈ રહેલી પિકઅપ ગાડી નં. જી. જે.30.ટી.0517 જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં માલેગામ નજીક સંતોકબા ધોળકિયા વિદ્યામંદિર નજીક ચાલક દ્વારા અચાનક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી દેતા સ્થળ પર પિકઅપ ગાડી પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં પિકઅપ ગાડીને જંગી નુકસાન થયું હતુ.

# વલસાડ હાઈવે પર કન્ટેનર અડફેટે બાઈક ચાલકનું મોત

વલસાડ : વલસાડ પારડીના મોતીવાડામાં રહેતા અશોક હળપતિ બાઇક લઇને વલસાડ હાઈવે પરથી પસાર થઇ રહ્યા હતા. એ સમયે કોઇ અજાણ્યા કન્ટેનર ચાલકે તેમને અડફેટે લઇ ગંભીર અકસ્માત સર્જ્યો હતો. જેમાં તેમનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.

નવા વર્ષની જબરદસ્ત સ્કીમ
ફક્ત 5 દિવસ માટે 4,5,6,7,8 એપ્રિલ, 2026
5.9% મજૂરી પ્લેન ગોલ્ડ જ્વેલરી
9.9% મજૂરી કલકત્તી, એન્ટીક, પોલકી, જડાઉ
નવસારીમાં અમારી કોઈ બ્રાન્ચ નથી
DIAMOND | PLATINUM | GOLD | ROSE GOLD | SILVER | ANTIQUE | YELLOW GOLD | GIFT ITEMS
R.A. Parikh Jewellers NX
આજે રવિવારે શોરૂમ ચાલુ રહેશે
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181
*Condition Apply